કેસ દાખલ તારીખ	૧૬–૦૨–૨૦૨૨
કેસ નોંધણી તારીખ	૧૬–૦૨–૨૦૨૨
કેસ ફેંસલ તારીખ	૦૧–૦૬–૨૦૨૬
સમયગાળો	વર્ષ–માસ–દિવસ

જામજોધપુરનાં મહેરબાનશ્રી જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ. જામજોધપુર.

ફોજદારી કેસ નં. ૧૯૩/૨૦૨૨
આંક : – ૭૦

<u>ફરીયાદી</u> **શ્રી રશ્મીબેન મનસુખલાલ ખાંટ**
ઉ.વ–૩૯, ધંધો. –વેપાર
રહે. સ્ટેશન રોડ જામજોધપુર,
તા. જામજોધુપર જી જામનગર

<u>વિરુધ્ધ</u>

<u>આરોપી</u> **ગણેશ સેલ્સના પ્રોપરાઈટર**
શ્રી પંકજકુમાર કાંતીલાલ મેસવાણીયા,
ઉ.વ–૪૭, ધંધો.–વેપાર,
રે.જામજોધપુર હાલ રહે. લાલપુર,
મોદી શેરી, રામ મંદીર પાસે, જી. જામનગર.

ફરીયાદપક્ષ તરફે વિ. વકીલશ્રી – એસ.આઇ.બ્લોચ

આરોપીપક્ષ તરફે વિ. વકીલશ્રી – સી.એસ.ગોસ્વામી.

<u>ફરીયાદ</u>: <u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ.</u>

–: <u>J U D G E M E N T</u> :–

૧. ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં વિગત એવી છે કે, અમો ફરીયાદી

ઉપરોકત સરનામે રહીએ છીએ. તહોમતદારને અમો ફરીયાદીના પિતા સાથે મિત્ર સંબંધ હોય. તહોમતદારને ધંધાના વિકાસ માટે રોકડ નાણાની જરૂરીયાત ઉત્પન્ન થતા ફરીયાદીના પિતાના કહેવાથી તહોમતદારને સંબંધના દાવે રૂા. ૩,૩૦,૦૦૦/- ફરીયાદીના બેંક એકાઉન્ટમાંથી તહોમતદારની પેઢીના એકાઉન્ટમાં તા. ૧૯/૦૩/૨૦૨૦ ના રોજ આપેલ. આ રકમ ઓગણીસ માસમાં ચુકવી આપીશ તેવો વિશ્વાસ તહોમતદારએ આપેલ અને તેના બદલામાં તહોમતદારએ તેમની પેઢીના એકસીસ બેંક, જામજોધપુર શાખાના ખાતાનો ચેક રૂા. ૩,૩૦,૦૦૦/- નો તા. ૨૭/૧૦/૨૦૨૧ ના રોજનો આપેલ. ચેક આપતી વખતે તહોમતદારએ ફરીયાદીને તેવો વિશ્વાસ, ભરોસો અને ખાત્રી આપેલ કે નિયત સમયમર્યાદામાં આ ચેક બેંકમાં જમા કરાવશો તો તમોને ખાતામાંથી રકમ મળી જશે.

૧.૧ તહોમતદાર સમયમર્યાદામાં આ રકમ પરત ન ચૂકવતા તહોમતદારએ ફરીયાદીને આપેલ તેમની પેઢીના એકસીસ બેંક, જામજોધપુર શાખાના ખાતાનો ચેક નં. ૧૦૩૯૭૨ તા. ૨૭/૧૦/૨૦૨૧ ના રોજનો રૂા. ૩,૩૦,૦૦૦/- પુરાનો ફરીયાદીએ અમારા એકસીસ બેંક, જામજોધપુર શાખાના ખાતામાં તા. ૧૧/૦૧/૨૦૨૨ ના રોજ જમા કરાવેલ, પરંતુ તહોમતદારના એકાઉન્ટમાં અપુરતુ ભંડોળ હોવાના કારણે તે ચેક પરત ફરેલ જે અંગેની જાણ બેંકએ ફરીયાદીને તા. ૧૧/૦૧/૨૦૨૨ ના રોજ કરેલ છે. તહોમતદારએ તેમ કરી અમો ફરીયાદી સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ છે. જેથી અમો ફરીયાદીએ તહોમતદારને તા. ૧૭/૦૧/૨૦૨૨ ના રોજ ડિમાન્ડ નોટીસ આપેલ છે જે નોટીસ પરત આવતા અમો ફરીયાદીએ તા. ૨૫/૦૧/૨૦૨૨ ના રોજ સાંજ સમાચાર ન્યુઝપેપરમાં જાહેર નોટીસ આપેલ છે જે અંગે તહોમતદારને જાણ હોવા છતાં તહોમતદારે આજસુધી અમો ફરીયાદીને મજકુર ચેકની રકમ આપેલ નથી કે અમારી ડિમાન્ડ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી નાછુટકે આ ફરીયાદ કરવા અમોને ફરજ પડેલ છે.

૧.૨ આ રીતે આ કામના તહોમતદારએ અમોને આપેલ વિશ્વાસ, ખાતરીનો ભંગ કરેલ છે અને અમોને ચેક આપવા છતા એકાઉન્ટમાં પુરતી રકમ ન

રાખીને ગુનાહિત વિશ્વાસઘાત કરેલ છે. તહોમતદારનો ઈરાદો પ્રથમથી જ અમારી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરવાનો હતો અને તહોમતદારે ચેક આપ્યા બાદ એકાઉન્ટમાં પુરતી રકમ ન રાખી નેગોશએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે ગુન્હો કરેલ છે.

૧.3 વાસ્તે ફરીયાદ લાવી અરજ કરવાની કે,....

(૧) આ કામના તહોમતદારને ઉપરોકત ફરીયાદમાં જણાવેલ વિગતે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ કસુરવાર ઠરાવીને તહોમતદારને બે વર્ષની કેદની સજા ફરમાવવા અરજ છે.

(૨) આ કામના તહોમતદાર અમો ફરીયાદીને ચેકની રકમથી બે ગણી રકમનું વળતર ચુકવી આપે તેવો ન્યાયીક હુકમ કરવા અરજ છે.

(૩) આ કામના તહોમતદારને કાયદામાં ઠરાવેલ વધુમાં વધુ સજા તથા દંડ કરવા અરજ છે.

૨. આ કામના ફરીયાદી દવારા સદરહુ ફરીયાદ દાખલ કરવામાં આવતા, આ કોર્ટ દવારા, ફરીયાદને ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરેલ છે અને આ કામના આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના પ્રોસેસ ઈશયુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ, આ કામના આરોપીને સમન્સની બજવણી થતા, આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા, તેઓને ફરીયાદ તથા સંલગ્ન દસ્તાવેજોની નકલો વિના મુલ્યે મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ, આરોપીની ઉપરોકત ગુના સંદર્ભે આંક–૧૨ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીએ તેની વિરૂઘ્ધના ગુનાનો ઈનકાર કરેલ છે. તેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ અન્વયે ફરીયાદ સમરી ટ્રાયલ સ્વરૂપે ચલાવવાની રહે છે. પરંતુ આ

કામે ફરીયાદપક્ષે પડેલ પુરાવો તથા વિવાદનુ સ્વરૂપ ધ્યાને લેતા સદર કામની ટ્રાયલ સમન્સ કેસ તરીકે ચલાવવામાં આવેલ છે.

3. ફરીયાદપક્ષે તેમનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

– :: ફરીયાદપક્ષે મૌખિક પુરાવા :: –

અ.નં.	**વિગત**	**આંક**
૧.	ફરીયાદપક્ષે ફરીયાદી રશ્મીબેન મનસુખલાલ ખાંટનું પુરાવાનુ સોગંદનામું.	૦૬
૨.	ફરીયાદી તરફે બેંક સાહેદ કલ્પેશભાઇ ગૌરીશંકર જોષીની સોગંદપરની જુબાની	૩૭

–: ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા :–

અ.નં.	**વિગત**	**આંક**
૧.	અસલ ચેક નં.૧૦૩૯૭૨	૧૩
૨.	ચેક જમા કરાવ્યાની સ્લીપ	૧૪
૩.	રીર્ટન મેમો	૧૫
૪.	ફરીયાદીની બેંક પાસબુકની ખરી નકલ	૧૬
૫.	ડીમાંડ નોટીસ	૧૭
૬.	નોટીસ રજી. એડી. સ્લીપ	૧૮
૭.	રજી. એડી.નુ પરત આવેલ કવર	૧૯
૮.	સાંજ સમાચાર દૈનીકની જાહેર નોટીસ	૨૦
૯.	જાહેર નોટીસ નુ બીલ	૨૧
૧૦.	ચેક રીર્ટન થયેલના રજીસ્ટરની નકલ	૩૮
૧૧.	ફરીયાદીના સેવીંગ ખાતાની ખરી નકલ	૩૯
૧૨.	પુરાવા કલોઝીંગ પુરશીષ	૪૦

– :: આરોપીપક્ષે મૌખિક પુરાવા :: –

અ.નં.	**વિગત**	**આંક**
×	×××××	××

– :: આરોપીપક્ષે દસ્તાવેજી પુરાવા :: –

અ.નં.	વિગત	આંક
૧	જામજોધપુર કોર્ટના ફો.કે.નં–૧૯૪/૨૨ના ફરીયાદી ભાનુબેન મનસુખલાલ ખાંટનુ સરતપાસનુ સોગંદનામુ તથા ઉલટ તપાસ	૪૯
૨.	પુરાવા કલોઝીંગ પુરશીષ	૫૦

૪. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામના આરોપીને ફરીયાદપક્ષેના પડેલ પુરાવા અન્વયે ખુલાસા માટે સી.આર.પી.સી કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદ સાથે અમો તહોમતદારને કોઇ વ્યવહાર થયેલ નથી, અમોને કોઇ નોટીસ મળેલ નથી, અમોએ કોઇ લેણી રકમ માટે ચેક આપેલ નથી, અમો નિર્દોષ છીએ છોડી મુકવા અરજ કરેલ છે. અને આંક–૪૯ થી ફો.કે.નં.૧૯૪/૨૨ ના કામેના ફરીયાદીનું સોગંદનામું તથા તે લગત થયેલ ઉલટતપાસ રજુ રાખેલ છે. તે સીવાય વિશેષ કોઈ લેખીત કે મૌખીક પુરાવા પોતાના બચાવમાં રજુ રાખેલ નથી.

૫. દલીલો:–

(અ) સદર કામે ફરીયાદી તરફે આંક–૫૯ થી પોતાની ફરીયાદના સમર્થનમાં દલીલ રજુ રાખેલ છે જે વંચાણે લીધી. ફરીયાદપક્ષે મુખ્યત્વે જણાવે છે કે, આ કામના આરોપીને ધંધાના વિકાસ માટે રોકડ નાણાની જરૂરીયાત ઉત્પન્ન થતા ફરીયાદીના પિતાના કહેવાથી સબંધના દાવે રૂ.૩,૩૦,૦૦૦/– ફરીયાદીના એકાઉન્ટમાંથી તહોમતદારની પેઢીના એકાઉન્ટમાં તા.૧૯/૦૩/૨૦ ના રોજ આપેલ અને તેના બદલામાં હાલનો સવાલવાળો ચેક તા.૨૭/૧૦/૨૧ ના રોજ આપેલો જે ચેક ફરીયાદીએ પોતાના એકસીસ

બેંક જામજોધપુરના ખાતામાં તા.૧૧/૦૧/૨૨ ના રોજ જમા કરાવતા તા.૧૧ /૦૧/૨૨ ના રોજ અપુરતા ભંડોળના કારણે પરત ફરતા તે અંગે બેંકે અમો ફરીયાદીની તા.૧૧/૦૧/૨૨ ના રોજ જાણ કરેલ છે. જેથી આરોપીએ ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરેલ હોય, આરોપીએ ૧૭ /૦૧/૨૨ ના રોજ ડીમાન્ડ નોટીસ આપેલ જે નોટીસ પરત આવતા ફરીયાદીએ ૨૫/૦૧/૨૨ ના રોજ સાંજ સમાચાર ન્યુઝ પેપરમાં જાહેર નોટીસ આપેલ જે અંગે તહોમતદારને જાણ હોવા છતા ચેકની રકમ આપેલ નથી. ફરીયાદીદવારા રજુ રાખેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી ફરીયાદની હકીકતો નિશંકપણે પુરવાર કરેલ છે. આરોપીએ લીધેલ બચાવ કાયદા વિરૂધ્ધનો છે. જેથી અમોની ફરીયાદ માની આરોપીને સખત સજા કરવા તથા ચેકથી ડબલ રકમનો દંડ કરી ચેક મુજબની રકમ વળતર પેટે આપવા અરજ કરેલ છે. અને પોતાની દલીલના સમર્થનમાં નામદાર ઉચ્ચ અદાલત તથા ઉચ્ચતમ અદાલતના **રંગપા વિ. શ્રીમોહન, એન્કર કેપીટલ ઓફ ઈન્ડીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, કે.એન.બિન્ના વિ. મુન્નીઅપન અને બીજાઓ, ગીરીશ નટવરભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, પ્રજાપતી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ગોવા પ્લાસ્ટ(પી) લીમીટેડ વિ. ચીકો ઉરસુલા ડીસોઝા, મેસર્સ મોદી સીમેન્ટ વિ. કુચીલ કુમારનંદી** વિગેરે ચુકાદાઓ પર આધાર રાખેલ છે જે માનસહ વંચાણે લીધેલ છે તથા તેમાં પ્રસ્થાપીત કરેલ રેશીયો ધ્યાને લેવામાં આવેલ છે.

(બ) સદર કામે આરોપી તરફે તેમા વિ.વકીલશ્રી દવારા આંક–૬૭ થી લેખીત દલીલ રજુ રાખેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદીએ મોઘમ વહેવાર જણાવી હાલની ખોટી ફરીયાદ કરેલ છે. વાસ્તવીક રીતે ફરીયાદી અને આરોપી વચ્ચે કોઈ કાયદેસરની લેતીદેતીનો વહેવાર થયેલ નથી. ફરીયાદમાં જણાવ્યા

મુજબનો ચેક આરોપીએ ફરીયાદીના પિતા મનસુખલાલ દેવશીભાઈ ખાંટ સાથે થયેલ નાણાંથી વ્યવહાર દરમીયાન માત્ર સીકયોરીટીના ભાગરૂપે આપેલ હતો જે ફરીયાદીએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે. ફરીયાદી તથા તેમના પિતા મનસુખલાલ દેવશીભાઈ ખાંટનું સંયુકત ખાતુ આવેલ હતું જેનો વહીવટ ફરીયાદીના પિતા કરતા હતા જે ફરીયાદીએ હકીકત છુપાવેલ છે. ફરીયાદીના પિતાએ આરોપી સાથે નાણાંકીય વ્યવહાર કરેલ તે અન્વયે ફરીયાદીના પિતાને કટકે કટકે રોકડેથી ચુકવી આપેલ હતા પરંતુ સીકયોરીટીના ભાગરૂપે આપેલ ચેક ફરીયાદીના પિતા પાસેથી લેવાનો રહી ગયો હોય તા.૦૧/૦૫/૨૧ ના રોજ ફરીયાદીના પિતાનું અવસાન થતા તેઓના કબ્જાનો ચેક ફરીયાદીને મળી આવતા ફરીયાદીએ અમો આરોપી પાસેથી ગેરકાયદેસર રીતે વધારે રૂપીયા પડાવવા માટે ઘરે આવીને વધારાના બીજા ત્રણ ચેક તેઓના તથા તેમની પત્ની હેતલબેનના તથા તેઓની સ્વતંત્ર પેઢીના નામના સહી કરાવી ચેક લઈ ગયેલ હતા જે અંગે જામજોધપુર કોર્ટમાં ફો.કે.નં.૭૫૩/૨૩ થી હાલ પેન્ડીંગ છે.

વધુમાં પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદી તેમના પિતા સાથે સંયુકત ખાતું ધરાવતા હોવા માત્રથી વ્યકતીગત રીતે ચેક રજુ કરવાનો અધિકાર મળતો નથી જયારે ચેક ફરીયાદીના પિતા સાથેના વ્યવહાર માટે હતો, ફરીયાદીના પિતાનું અવસાન થયેલ છે કાયદેસરનું દેવું અસ્તીત્વમાં નથી. ફરીયાદીના પિતાના અવસાન બાદ ફરીયાદીએ જાણી જોઈને જુનો અને સીકયોરીટીનો ચેક દુરઉપયોગ કરી ખોટી ફરીયાદ દાખલ કરી છે. ફરીયાદી દુરભાવનાપુર્વક કરવામાં આવેલ છે.

વધુમાં પોતાની દલીલમાં જણાવેલ છે કે , ફરીયાદી દવારા આરોપીના જામજોધપુર મુકામે ના રહેઠાણ કે પેઢીના સરનામા ઉપર નોટીસ મોકલેલ નથી

જે હકીકત રેકર્ડ પર જોતા સ્પષ્ટ જણાઈ આવે છે અને ફરીયાદીએ ઉલટતપસામાં પણ કબુલ કરેલ છે. વિશેષમાં ફરીયાદીએ જાહેર નોટીસ પેપરમાં પ્રસીધ્ધ કરવા નામ. કોર્ટનો હુકમ મેળવેલ નથી. તેમજ પરત થયેલ કવર ફરીયાદી દવારા નામ. કોર્ટમા ઓપન કરવા તસ્દી લેવામાં આવેલ નથી. જેથી બંધ કવરમાં યોગ્ય નોટીસ હોવાનું માત્ર અનુમાનના આધારે માની શકાય નહીં. જેથી પ્રથમ દર્શનીય રીતે કહેવાતી નોટીસ કાયદેસર રીતે ટકવાપાત્ર નથી જે નેગો. ઈન્સ્ટ્રુ. એકટની જોગવાઈ મુજબ અતી મહત્વનું અંગ માનવામાં આવે છે. યોગ્ય રીતે ડીમાન્ડ નોટીસ બજવણી થયા બાદ ફરીયાદ દાખલ થઈ શકે જેથી હાલની ફરીયાદ કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ટકવાપાત્ર હોવાનું ફલીત થતું નથી.

વધુમાં પોતાની દલીલમાં જણાવેલ છે કે, નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૯ હેઠળનું અનુમાન ખંડનીય હોય આરોપી સંભાવનાના આધાર પર સાબીત કરી શકે છે કે, કાયદેસર દેવું અસ્તીત્વમાં નહોતું ફરીયાદી પોતાનો કેસ પુરાવાના આધારે સાબીત કરી શકેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

બંન્ને પક્ષોની દલીલ વંચાણે લેવામાં આવેલ છે. બંને પક્ષોની દલીલોનું હવે પછીથી પુરાવાના મુલ્યાંકન વખતે યોગ્ય સ્થાને ચર્ચા કરવામાં આવેલ છે.

૬. આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, ઉભયપક્ષોની રજૂઆતો તથા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ, આ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય છે.

-- મુદ્દા --

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક નં.૧૦૩૯૭૨, ના આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને લખી આપેલ જે નિયમ સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વીકારયે પરત ફરેલા, જેની નિયત સમયમાં પોષ્ટ પોસ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચૂકવી **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે આ અદાલતના ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧ –**હકારાત્મક.**

(૨) મુદ્દા નં.૨ –**આખરી હુકમ મુજબ.**

-- કા ર ણો --

મુદ્દા નંબર.૧ તથા ૨ અંગે ની ચર્ચા

૭. આ કામના આરોપી ઉપર નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનુ ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે જેથી આ કામના ફરિયાદપક્ષ ધ્વારા રેકર્ડ રજુ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો,ફરિયાદ પક્ષ તરફે તેઓના વિ.વકીલશ્રીની દલીલ તથા બચાવપક્ષે આરોપીના વિ.વકીલશ્રીની દલીલ,આક્ષેપિત

ગુના અંગેની કાયદાકીય જોગવાઈ અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા નામ.વડી અદાલતો અને નામ.સર્વોચ્ચ અદાલત ના પ્રતિપાદિત થયેલ અને પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને લક્ષમાં રાખીને,ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

૮. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૪૩ મુજબ,આ કેસ અન્વયેની કાર્યવાહી સમરી સ્વરૂપમાં ચલાવવાની રહે છે. એટલે કે, આ કેસની કાર્યવાહી ક્રીમીનલ પ્રોસીજર કોડના પ્રકરણ–૨૧, કલમ–૨૬૦ થી ૨૬૫ મુજબ ચલાવી શકાય છે.પરંતુ, હાલના કામે આરોપીની આંક – ૧૨ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા અને આ કામે જે પુરાવો લેવામાં આવેલ છે તે ધ્યાનમાં લેતાં,તે લંબાણપૂર્વક નોંધવામાં આવેલ છે.આમ,સમગ્ર પુરાવો સમન્સ ટ્રાયલ સ્વરૂપમાં નોંધવામાં આવેલ છે.

<u>નેગો.ઈન્સ્ટ્રુ.એકટની મહત્વની કાયદાકીય જોગવાઈઓની ચર્ચા</u>

૯. ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટ કલમ–૧૩૮ નો ગુનો પુરવાર કરવા મુખ્યત્વે નીચે મુજબના તત્વો પુરવાર કરવા આવશ્યક છે.

(૧) આરોપીએ પોતાની બેંકમાં નિભાવવામાં આવતા ખાતાનો ચેક આરોપી એ પોતાની સહી કરીને આપેલ હતો.

(૨) સદર ચેક આરોપી ધ્વારા પોતાના કાયદેસરના દેણા કે જવાબદારીના ભાગ પેટે આપવામાં આવેલો.

(૩) નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮(અ) મુજબ આરોપીએ ચેક લખ્યા તારીખથી ત્રણ મહીનાની સમયમર્યાદામાં ફરિયાદીએ કલીયરીંગ માટે ચેક રજુ કરતા આરોપીના ખાતામા અપુરતા

ભંડોળ ના કારણે ચેક પરત ફરેલો.

(૪) નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮(બ) મુજબ ચેક રીર્ટનની જાણ થયા તારીખથી ૩૦ દિવસની સમયમર્યાદામાં ચેકની લેણી રકમ મેળવવા સારું ડીમાન્ડ નોટીસ આરોપીને આપવામાં આવેલ.

(૫) નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮(ક) મુજબ ડીમાન્ડ નોટીસ આરોપીને મળ્યા તારીખથી દિન–૧૫ માં આરોપીએ ચેકની રકમ ફરિયાદીને ચુકવી આપેલ નથી.

૧૦. એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનિમય પત્ર છે અને વિનીમય પત્ર અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ,એકટની કલમ–૧૧૮ મુજબ,જો વિરુધ્ધનું પુરવાર કરવામાં ન આવે તો,અવેજ તારીખ,સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓનો ક્રમ,ગુમ થયેલ વિનિમય પત્ર ઉપર લગાડેલી પુરતી ટિકિટ સબંધે અને તેના ધારણકર્તા કાયદેસરના ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણકરી લેવામાં આવશે.

૧૦.૧. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૯ વંચાણે લેતાં, જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ જોગવાઈ મુજબ,ચેક કોઈ દેણું અથવા જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત દેવા(ભરપાઈ) માટે મેળવવામાં આવ્યો હતો.આમ,કલમ–૧૩૯ ની જોગવાઈ જોતાં ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદરહુ કલમમાં આવેલ હોવાનુ ફલીત થાય છે.

૧૦.૨. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૨૦ મુજબ, જો કોઈ વ્યકિત

વિનિમય પત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય,તો તેવો ચેક આપનાર વ્યકિત પ્રથમ દશર્નીય રીતે અન્ય વ્યકિત ને એવી સતા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપૂર્ણ વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની થતી વિગતો તેણે સંપૂર્ણ ભરી લઈ,વિનિમય પત્ર ઉપયોગમાં લેવાનો છે.

૧૦.૩. આમ,ઉપરોકત ચર્ચા કરી તે મુજબ નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૧૮ ,૧૩૯ અને કલમ–૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેસમાં ફરિયાદી વિનિમય પત્ર ધારણકર્તા હોવાનું માનવાને સબળ કારણ રહેછે. વધુમાં કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારના છે અને જો વિરુધ્ધનું પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતુ નથી.આમ,વિરુધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ,તેના કોઈ દેવા પેટે અથવા અન્ય જવાબદારી પુરેપુરી અથવા તેના કોઈ ભાગ પેટે બોજામુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.વણચૂકવાયેલો પરત થયેલો ચેક હાલના કાયદેસરના દેવા કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો, તેવું અનુમાન કરવામાં આવશે અન્યથા વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો એટલે કે,પરત આવેલ વણચૂકવાયેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તે પુરવાર કરવા નો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે.આમ, કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ના અનુમાન એ કાયદાના અનુમાન છે અને ચોકકસ અનુમાન છે અને આરોપી તરફથી જયાં સુધી વિરુધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી

તેનું ખંડન થતુ નથી. નામ. ઉચ્ચ અદાલતો તથા નામ. ઉચ્ચતમ અદાલત ધ્વારાએ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, આરોપીએ શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂરીયાત રહેતી નથી એટલે કે, અનુમાનનું ખંડન આરોપીપક્ષ ફરિયાદપક્ષે જે પુરાવો રજુ કરેલ છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરવાની હોય છે કોઈ શકય પુરાવો આપવો જરૂરી નથી.

૧૧. આમ, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ઉપરોક્ત તત્વો તથા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ તથા કલમ-૧૩૯ મુજબના કાયદાના અનુમાનો તથા તે અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય, તે અંગે નામદાર વડી અદાલતો તથા નામ. સુપ્રિમ કોર્ટે દવારા વખતોવખત પ્રતિપાદીત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, આ કામે રેકર્ડ ઉપર રજૂ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન ઉભય પક્ષની ઉપરોક્ત રજૂઆતો સંદર્ભે કરવામાં આવે તો,આ કામે ફરીયાદી **રશ્મીબેન મનસુખલાલ ખાંટ** નાઓએ આં ક-૬ થી સોગંદ ઉપર નો પુરાવો રજુ કરેલ છે જે આંક -૧ લગતની હકીકત મુજબની અરજ/દાદ દોહરાવેલ છે, જે રેકર્ડ પર રહેલ હોય જેથી હકીકતોનુ પુનરાવર્તન નિવારવાના હેતુથી ફરી અહી ઉલ્લેખ કરેલ નથી

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદી જણાવે છે કે, હું છેલ્લા ત્રણ વર્ષ થી મારા પિતાજીનો સાયકલ નો ધંધો ચલાવું છું જે ધંધો મારા પિતાજી પહેલા ચલાવતા હતા. એ વાત ખરી છે કે મારા પિતાજી રશ્મી ફર્નિચરના નામે વેપાર કરતા હતા. સાહેદ જણાવે છે કે સને ૨૦૧૭ માં ધંધો બંધ કરી દીધેલ. એ વાત ખરી નથી કે હું સને ૨૦૧૭ માં સાસરે હતી. અમો ધંધાના હિસાબી ચોપડાઓ નિભાવીએ

છીએ. હું આરોપીને ૪–૫ વર્ષ થી ઓળખું છું. જે મારા પિતાના મિત્ર હતા અને આવતા જતા હતા.

આ કામના આરોપી અમારા ઘરે આવતા ત્યારે બિયારણના વેચાણ નો ધંધો ગણેશ સેલ્સ ના નામે કરતા હતા. એ વાત ની મને ખબર નથી કે આ કામના આરોપી અમારી દુકાને આવતા હતા ત્યારે મારા પિતા તેને નાણાકીય મદદ કરતા હતા કે કેમ.

એ વાત ખરી છે કે મારી ફરીયાદના પેરા–૧ માં જણાવેલ છે કે તહોમતદારની પેઢીને એકાઉન્ટમાં તા.૧૯/૩/૨૦૨૦ ના રોજ રૂ.૩,૩૦,૦૦૦/– આપેલાનું લખાયેલ છે. મારા પિતા મનસુખભાઇ તા.૧/૫/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ. એ વાત ખરી છે કે આ કામના આરોપીને પૈસા મારા પિતાના કહેવાથી આપેલ હતા. એ વાત ખરી છે કે બેન્ક એકાઉન્ટ મારા પિતાશ્રી અને મારા નામે સંયુકત આવેલ હતું. એ વાત ખરી નથી કે મારા પિતાશ્રી હયાત હતા ત્યારે જોઇન્ટ એકાઉન્ટનો વહીવટ મારા પિતા કરતા હતા. સાહેદ જણાવે છે કે હું કરતી હતી. એ વાત ખરી છે કે રૂ.૩,૩૦,૦૦૦/– મારા જોઇન્ટ એકાઉન્ટમાંથી આરોપીના પેઢીના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવેલ હતા.

મારા પિતાના કહેવાથી આરોપીની પેઢીના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવેલ. એ વાતની મને ખબર નથી કે ગણેશ સેલ્સમાં કેટલા ભાગીદાર આવેલ છે. એ વાત ખરી છે કે પંકજભાઇ એ મારા પિતા હયાત હતા ત્યારે ચેક આપેલ હતો.

મને આંક–૧૩ વાળો ચેક બતાવવામાં આવે છે તે પંકજભાઇ એ આપેલ હતો અને તેમાં પંકજભાઇ ની સહી છે અને ચેકમાં પાર્ટનર્સ લખાયેલ છે. મે આરોપીને મારા પિતાના કહેવાથી ૧૯ માસ પુરતી રકમ આપેલ હતી. એ વાત ખરી નથી કે મારા પિતાએ પંકજભાઇ પાસેથી લખાણ કરાવેલ હતું. એ વાત ખરી નથી કે પંકજભાઇ એ ચેક મારા પિતાશ્રીને આપેલ હતો. એ વાત ખરી નથી કે આંક–૧૩ વાળા ચેકમાં નામ અને વિગત જુદાજુદા અક્ષરોએ ભરાયેલ છે.

એ વાત ખરી છે કે ગણેશ સેલ્સ પેઢીને અલગ થી આરોપી તરીકે દર્શાવેલ નથી. ચેક અમોએ બેન્ક માં તા.૧૧/૧/૨૦૨૨ ના રોજ જમા કરાવેલ. ત્યારબાદ ચેક પરત ફરતા આ કામના આરોપીનો સંપર્ક કરવા માટે કોન્ટેક નંબર મળેલ નહી જેથી તેમનો સંપર્ક થયેલ નહી. એ વાત ખરી છે કે આરોપીનો સંપર્ક ન થતા આરોપીને વકીલ મારફત લીગલ નોટીસ આપેલ જે આરોપીને વગર બજેલ પરત આવેલ અને ત્યારબાદ વકીલ મારફત વર્તમાન પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ જેમાં સક્ષમ અધિકારીની પરવાનગી મેળવેલ નહી. એ વાત ખરી છે કે વર્તમાન પત્રમાં આપેલ નોટીસમાં મારી સહી નથી નામ લખાયેલ છે. એ વાત ખરી નથી કે છાપાની નોટીસની પંકજભાઇ ને જાણ થયેલ નથી.

એ વાત ખરી છે કે પંકજભાઇ એ મારી સામે પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ છે. સાહેદ જણાવે છે કે ખોટી ફરીયાદ કરેલ છે. સદર ફરીયાદના કામે જામીન મુકત થયેલ છું. એ વાત ખરી છે કે બેન્ક ના વહીવટ થી હું વાકેફ છું. એ વાત ખરી છે કે મારા માતાશ્રીએ આ કામના આરોપી પંકજભાઇ ની પત્નિને પૈસા આપેલ હતા. એ વાત ની મને ખબર નથી કે મારા માતાશ્રીએ મારા પિતાજીની હયાતીમાં પૈસા આપેલ કે કેમ.

એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ મારા પિતાજીની હયાતીમાં પૈસા પરત આપી દીધેલ છે. એ વાત ખરી નથી કે આરોપીના ચેકનો દુરુપયોગ કરેલ છે. હું હિસાબના ચોપડાઓ આ કામે રજુ કરવા તૈયાર છું. એ વાત ખરી નથી કે આરોપી પંકજભાઇ ને અમારી દુકાનમાંથી આવક થયેલ તેમાંથી પૈસા આપેલ હતા. એ વાત ખરી છે કે વ્યવહાર વખતે દુકાન સિવાય બીજી કોઇ આવક ન હતી. મારી વાર્ષિક આવક વેપાર ની વર્ષે ૧,૫૦,૦૦૦/- જેટલી થાય છે. અમારી દુકાન નગરપાલિકામાં નોંધાયેલ છે. જે મારા પિતાના નામે નોંધણી થયેલ છે. હું ઇનકમ ટેક્ષ રીટર્ન ભરૂ છું કેટલી રકમનું રીટર્ન ભરૂ છું તે ખબર નથી.

એ વાત ખરી નથી કે મારા પિતાશ્રીને રકમ આપી દીધેલ હોવા છતાં હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

૧૨. વધુમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા બેંકના સાહેદ કલ્પેશભાઇ ગૌરીશંકર જોષીનાઓને તપાસેલ છે. તેઓ આંક–૩૭ ની સોગંદપરની જુબાનીમાં જણાવે છે કે, હુ એકસીસબેંક જામજોધપુર બ્રાન્ચ મા બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવુ છુ. અમો ને નામ. કોર્ટ ના સમન્સ ની બજવણી થતા હાજર રહેલ છીએ. મને આંક–૧૩ વાળો ચેક નં–૧૦૩૯૭૨ બતાવવામા આવે છે જે એકસીસબેંક જામજોધપુર શાખાનો છે. આ ચેક અમારી શાખા મા તારીખ–૧૧/૦૧/૨૦૨૨ ના રોજ રૂા.૩,૩૦,૦૦૦/– નો જમા થયેલો જે અપુરતા ભંડોળના કારણે ચેક રીર્ટન થયેલો. મને આંક–૧૪ વાળી સ્લીપ તથા આંક–૧૫ થી રીર્ટન મેમો બતાવવામા આ વે છે જેમા અમારી બેંક ના સીકકો અને સહી કરવામા આવેલ છે. અમો જે ચેક રીર્ટન થાય તેની રજીસ્ટર મા નોંધ કરીચે છીએ જે રજીસ્ટર ની નોધ થયેલ અસલ ઉપર થી નકલ કરી આ કામે રજુ કરુ છુ જે રજુ દાખલ આંક–૩૮ આપવામા આવે છે. આ કામના ફરીયાદીના સેવીંગ ખાતા નં–૯૧૪૦૧ ૦૦૦૩૮૩૬૨૪૧ ના સ્ટેટમેન્ટ ની ખરી નકલ લાવેલ છુ જે આ કામે રજુ કરુ છુ જે ને રજુ દાખલ આંક–૩૯ આપવામા આવે છે. મને આંક–૩૯ બતાવવામા આવે છે જેમા તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ ચેક નં–૧૩૧૩૫ થી ટ્રાન્સફર શ્રી ગણેશ સેલ્સને રસ્મીબેને રૂા.૩,૩૦,૦૦૦/– આપેલાનુ લખાયેલ છે.

જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદી જણાવે છે કે, રસ્મીબેનનુ સેવીંગ એકાઉન્ટ સ્વતંત્ર હતુ. મે ફરીયાદીને ચેક રીર્ટન થતા ફોનથી તથા પત્રવ્યવહાર થી જાણ કરેલી. હુ એકસીસ બેંકમા

બે મહીનાથી કામ કરુ છુ. મને આંક–૧૬ વાળી પાસ બુકની કોપી બતાવવામા આવે છે જેમા સંયુકત ખાતુ દર્શાવેલ છે જેમા ખાંટ રસ્મી તથા ખાંટ મનસુખલાલ લખાયેલ છે. મને આંક–૩૯ બતાવવામા આવે છે જેમા તારીખ–૧૯/૦૩/૨૦૨૦ ના રોજ ચેક નં–૧૩૧૩૫ ના ટ્રાન્સફર ની વીગતમાં શ્રી ગણેશ સેલ્સ લખાયેલ છે રસ્મીબેનનુ નામ તેમા લખાયેલ નથી. મને આંક–૧૫ વાળો રીર્ટન મેમો બતાવવામા આવે છે જેમા સહી એકસીસ બેંક ના કયા કર્મચારીએ કરેલી તે હુ કહી શકુ નહી. હુ બેંકમા નોકરી કરતો હોવ જેથી ચેક રીર્ટન અંગેની તમામ કાર્યવાહી થી વાકેફ છુ.

સવાલ:– ઓનલાઈન ચેક રીર્ટન થાય તો કેટલા પ્રકારના કારણો સર ચેક રીર્ટન થઈ શકે તે તમે કહી શકો?

જવાબ:– કુલ ૧૯ કારણો સર ચેક રીર્ટન થઈ શકે.

એ વાત ખરી છે કે ચેક રીર્ટન મેમોમા ૧૯ કારણો આવે અને તેમા અમો જે લાગુ પડતુ હોય તેના પર ટીક માર્ક કરતા હોઈએ છીએ. એ વાત ખરી છે કે આંક–૧૫ વાળા રીર્ટન મેમામા કુલ ૩૯ કારણો આપેલા છે.

આ કામે આરોપીપક્ષ દવારા ફરીયાદીની ઉ.ત. સિવાય પોતાના બચાવમાં કોઈ વિશેષ મૌખીક પુરાવાઓ રજુ રાખેલ નથી.

૧૩. <u>ફરિયાદી તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન</u>

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની મહત્વની કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં લઈ ફરિયાદી તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું રહે છે. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કેટલીક મેન્ડેટરી જોગવાઈઓ કરવામાં

આવેલ છે.જેથી સૌ પ્રથમ ફરિયાદીએ નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ ના મહત્વના તત્વો પુરવાર કરેલ છે કે કેમ? તે હકીકત નકકી કરવાની રહે છે.

૧૩.૧ સૌ પ્રથમ ફરિયાદીએ એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, ફરિયાદવાળા ચેકો આરોપીના ખાતાના હતો અને તે ચેક આરોપીએ પોતાની સહી કરીને ફરિયાદીને આપેલ હતો. આ લગત પુરાવો જોવામાં આવે તો સદર ચેક આરોપીના ખાતાનો નથી અને આરોપીની તેમાં સહી નથી તેવી આરોપી તરફે તકરાર લેવામાં આવેલ નથી. જેથી સદર ચેક આરોપીના ખાતાનો હતો અને તેમાં આરોપીની સહી રહેલ છે તે હકીકત બિનતકરારી રહેલ છે.

૧૩.૨ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮(અ)મુજબ ફરિયાદીએ એ હકીકત પુરવાર કરવી આવશ્યક છે કે,આરોપી એ ચેક લખ્યા તારીખ થી સમયમર્યાદામાં પોતાના ખાતામાં રજુ કરેલ છે કે કેમ તે અંગે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓ જોવામાં આવે તો આંક–૧૩ વાળો સવાલવાળો ચેક તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજના લખાયેલ છે અને આંક–૧૪ થી રજુ ડીપોઝીટ સ્લીપ તથા આંક–૧૫ થી રજુ રીટર્ન મેમો ઘ્યાને લેતા ફરિયાદીએ સવાલવાળો ચેક પોતાની બેંકમાં કલીયરીંગ માટે રજુ કરતા તે તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ રીર્ટનમેમોથી પરત થયેલ હોવાનુ જણાઈ આવે છે. આમ, ફરિયાદીએ સમયમર્યાદામાં ફરીયાદવાળા ચેકો પોતાની બેંકમાં કલીયરીંગ માટે રજુ કરેલાનું ફલીત થાય છે.

૧૩.૩. નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮(બ) મુજબ ચેક રીર્ટન થયાની માહીતી ફરિયાદીને મળ્યાના ત્રીસ દિવસની અંદર ચેકની રકમની

ડીમાન્ડ નોટીસ આરોપીને આપેલ છે તેવી હકીકતો સાબીત કરવી આવશ્યક છે. આ લગત પુરાવો જોવામાં આવે તો ફરિયાદીને તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ રીર્ટન મેમા થી જાણ થયેલી હોવાનુ આંક – ૧૫ થી ફલીત થાય છે અને ફરિયાદીએ તા.૧૭/૦૧/૨૦૨૨ નાં રોજની લખાયેલ ડીમાંડ નોટીસ તારીખ :૧૭/૦૧/૨૦૨૨ ના રોજ આરોપીને આર.પી.એ.ડી.થી મોકલાવેલ છે. આમ, ફરિયાદીને ચેક રીર્ટનની જાણ થયાના ત્રીસ દિવસની અંદર આરોપીને તેના સરનામે આંક–૧૭ વાળી ડીમાન્ડ નોટીસ મોકલાવેલાનું ફરિયાદીએ પુરવાર કરેલ છે. આમ, સમય મર્યાદામા ફરિયાદીએ આરોપીને ડીમાન્ડ નોટીસ આપેલાનું પુરવાર થાય છે.

૧૩.૪. નેગો.ઈન્સ્ટ્રુ.એકટનીકલમ–૧૩૮(ક)મુજબ આરોપીને નોટીસ મળ્યા ના પંદર દિવસની અંદર આ ચેકની રકમની ચુકવણી ફરિયાદીને કરેલ નથી તેવી હકીકત સાબીત કરવાની રહે છે.આ લગત પુરાવો જોતાં ફરીયાદીએ પોતાના પુરવામાં ચેક મુજબની લેણી રકમ અન્વયે તા.૧૭ /૦૧/૨૨ ના રોજ કાનુની નોટીસ કરેલ છે અને નોટીસ મળ્યાના ૧૫ દીવસમાં ચેક મુજબની રકમ ફરીયાદીને ચુકવી આપેલ છે. તે હકીકત પુરવાર કરતો કોઈ પુરાવો આરોપીપક્ષે રજુ રાખેલ નથી. જેથી નોટીસ મળ્યાના ૧૫ દીવસની અંદર આરોપીએ ચેક મુજબની લેણી રકમ ફરીયાદીની ચુકવી આપેલ નથી તેવુ પડેલ પુરાવા થી પુરવાર થાય છે.

૧૩.૫. આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરિયાદી નેગોશીયેલબ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ અન્વયેના આવશ્કય તત્વો તેમજ મેન્ડેટરી જોગવાઈઓ પુરવાર કરવામાં સફળ નીવડેલ છે જેથી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯

મુજબનું અનુમાન પ્રથમ દર્શનીય રીતે ફરિયાદીની તરફેણમાં ઉપસ્થિત થાય છે તેમ આ કોર્ટનું માનવું છે.

૧૪. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબ આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણા પેટે ફરીયાદવાળો ચેક આપેલો છે તેવું અનુમાન ફરિયાદીની તરફેણમાં ઉપસ્થિત થાય છે અને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૯ મુજબનું આનુમાન રીબટેબલ હોઈ જેથી આરોપીએ આ અનુમાનનું ખંડન કરતો પુરાવો આપેલ છે કે કેમ? તે અંગે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ની કાયદાકીય પરીસ્થિીત ઘ્યાને લેતાં જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ચેક દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેકના લખનારે આપેલ હતો તેનું અનુમાન કરવાનું રહે છે સાથે સાથે આ કલમની જોગવાઈ મુજબ ચેકના લખનારને એટલે કે આરોપીને ચેક એ દેવુ કે અન્ય જવાબદારી ચુકવવા આપેલ નથી તે પુરવાર કરવાની તક આપેલ છે.આમ,આરોપીએ ફરીયાદવાળો ચેક દેવુ કે જવાબદારી ચુકવવા નથી આપ્યો તે પુરવાર કરવાનું રહે છે.આ હકીકત પુરવાર કરવા માટે આરોપીએ પ્રિપોરડન્ડ ઓફ પ્રોબેબીલીટી મુજબનો પુરાવો આપવાનો છે કે જે પુરાવો કોર્ટ માની શકે સ્વીકારી શકે તે પ્રકારનો હોવો જોઈએ તેમજ આરોપીએ રેકર્ડ ઉપર રજુ થયેલ મટીરીયલના આધારે મહત્વની બાબતે વ્યાજબી શંકા ઉપસ્થિત કરી હોય તો ફરિયાદીનો કેસ માર્યો જાય છે તેવાં સંજોગોમાં હાલના કેસમાં રેકર્ડ પર રજુ થયેલ મટીરીયલ અને ફરિયાદીની ઉલટતપાસ જોતાં બચાવ પક્ષે પ્રિપોન્ડરસ ઓફ પ્રોબેબેલીટી મુજબ નો પુરાવો આપી મહત્વની બાબતે શંકાઓ ઉપજાવેલ છે કે કેમ? તે હકીકત નકકી

કરવાની રહે છે. તે અંગે ચર્ચા કરીએ તો રેકર્ડ પરનો પડેલ પુરાવો ધ્યાને લેતા આ કામે ફરીયાદ વાળા વ્યવહારની રકમ આપવા ફરીયાદી સક્ષમ ન હતા તેવી આરોપી પક્ષે કોઇ તકરાર નથી જેથી આ હકીકત બીનતકરારી રહેલ છે. વધુમાં ફરીયાદ પક્ષે પડેલ પુરાવાની ચર્ચા કરીએ તો આ કામના ફરીયાદીએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, ફરીયાદીના પિતા સાથે આરોપીને મીત્રતાના સબંધ હોય, આરોપીને ધંધાના વિકાસ માટે રોકડ નાણાંની જરૂરીયાત ઉત્પન્ન થતા ફરીયાદીના પિતાના કહેવાથી સબંધના દાવે રૂ.૩,૩૦,૦૦૦/– ફરીયાદીના બેંક એકાઉન્ટમાંથી આરોપીની પેઢીના એકાઉન્ટમાં તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ આપેલ. આ રકમ ૧૯ માસમાં ચુકવી આપીશ તેવો આરોપીએ વિશ્વાસ આપેલ અને તેના બદલામાં તેમની પેઢીના એકસીસ બેંક જામજોધપુર શાખાના ખાતાનો ચેક રૂ.૩,૩૦,૦૦૦/– નો તા.૨૭/૧૦/૨૦૨૨ ના રોજનો આપેલ જે ફરીયાદીએ પોતાના જામજોધપુર એકસીસ બેંક શાખાના ખાતામાં તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ જમા કરાવતા તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે. હવે ફરીયાદીના ઉપરોકત પુરાવા અન્વયે આરોપી તરફે ઉલટતપાસ ધ્યાને લેતા ફરીયાદી આરોપીને ૪–૫ વર્ષથી ઓળખતા હોવાનું અને તેઓના પિતાના મીત્ર હોય આવતા જતા હોવાનું જણાવેલ છે. આમ, ઉપરોકત પુરાવાથી ફરીયાદી અને આરોપી એકબીજાને અગાઉથી ઓળખતા હોવાનું તેમજ આરોપી ફરીયાદીના પિતાના મીત્ર થતા હોવાનું પણ રેકર્ડ પર આવે છે. વધુમા ફરીયાદીએ પોતાના ઉલટતપાસના પુરાવામાં જણાવેલ છે કે, આરોપી મારા ઘરે આવતા ત્યારે બીયારણના વેચાણનો ધંધો ગણેશ સેલ્સના નામે કરતા હતા. આમ, ફરીયાદીના ઉપરોકત પુરાવાથી આરોપી ગણેશ સેલ્સના નામે ધંધો કરતા હોવાનું માનવાને પણ કારણ રહે છે. અને આરોપી ગણેશ સેલ્સના નામથી ધંધો ન કરતા હતા તેવી આરોપી પક્ષે કોઇ તકરાર

લીધેલ નથી. વધુમાં ફરીયાદીની ઉલટતપાસનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદના પેરા–૧ માં જણાવેલ તહોમતદારની પેઢીને એકાઉન્ટમાં ૧૯/૦૩/૨૦૨૦ ના રોજ રૂ.૩,૩૦,૦૦૦/– આપેલાનું લખાયેલ છે. અને તેઓના પિતા તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ છે. તેમજ એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપીને પૈસા તેઓના પિતાના કહેવાથી આપેલ હતા અને બેંક એકાઉન્ટ તેઓના પિતાશ્રી અને તેઓના નામે સંયુકત આવેલ હતું. વધુમાં એ વાતનો ઈન્કાર કરેલ છે કે જોઈન્ટ એકાઉન્ટનો વહીવટ તેઓના પિતા કરતા હતા. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, જોઈન્ટ એકાઉન્ટમાંથી આરોપીના પેઢીના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવેલા હતા. અને એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે આરોપી પંકજભાઈએ મારા પિતા હૈયાત હતા ત્યારે ચેક આપેલ હતો. આમ, ફરીયાદી તરફે પડેલ પુરાવો ધ્યાને લેતા એ હકીકત બિનતકરારી રહેલ છે કે ફરીયાદી તથા તેઓના ગુજરનાર પિતા સંયુકત ખાતુ ધરાવતા હતા અને સંયુકત ખાતામાંથી આરોપીના પેઢીના ખાતામાં તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ રૂ.૩,૩૦,૦૦૦/– ટ્રાન્સફર કરેલ હતા. વધુમાં આ સંદર્ભમાં આંક–૩૭ થી ફરીયાદી તરફે તપાસવામાં આવેલ બેંક સાહેદનો પુરાવો ધ્યાને લેતા સદર સાહેદે એ હકીકતને સમર્થન આપેલ છે કે, મને આંક–૩૯ બતાવવામાં આવે છે. જેમાં ૧૯/૦૩/૨૦૨૦ ના રોજ ચેક નં.૧૩૧૩૫ થી શ્રી ગણેશ સેલ્સને રશ્મીબેને રૂ.૩,૩૦,૦૦૦/– આપેલાનું લખાયેલ છે. આમ, ગણેશ સેલ્સના એકાઉન્ટમાં ફરીયાદી તથા તેમના ગુજરનાર પિતાના સંયુકત ખાતામાંથી તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ ચેકથી રૂા.૩,૩૦,૦૦૦/– જમા થયેલાનું નિર્વીવાદપણે પડેલ પુરાવાથી પુરવાર થાય છે. તેમજ સવાલવાળો ચેક આરોપીએ આપેલ ત્યારે ફરીયાદીના પિતા મનસુખભાઈ હૈયાત હોવાનું પણ પુરવાર થાય છે. હવે આ સંદર્ભમાં આરોપીપક્ષે લીધેલ બચાવ ધ્યાને લેતા આરોપીપક્ષે મુખ્યત્વે તકરાર લીધેલ છે કે, જોઈન્ટ એકાઉન્ટનો વહીવટ તેમના

પિતા હૈયાત હતા ત્યારે તેઓ કરતા હતા, તે સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા આરોપી તરફે આ હકીકત પુરવાર કરવા એવો કોઇ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી કે જેથી પુરવાર થાય કે, ફરીયાદીના ગુજરનાર પિતા હૈયાત હતા ત્યારે જોઇન્ટ એકાઉન્ટનો વહીવટ તેઓ એકલા માત્ર કરતા હતા વધુમાં આંક-૩૭ થી ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ બેંક સાહેદના પુરાવાથી પણ આરોપીપક્ષ રેકર્ડ પર એવી કોઇ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે જેથી પુરવાર થાય કે ફરીયાદીના પિતા હૈયાત હતા ત્યારે તેમના સંયુકત ખાતાનો વહીવટ તેઓ એકલા માત્ર કરતા હતા અને હાલના ફરીયાદી સંયુકત ખાતાનો વહીવટ કરતા ન હતા, વધુમાં આ સંદર્ભમાં ફરીયાદીએ પોતાના પુરાવામાં સદર જોઇન્ટ એકાઉન્ટનો વહીવટ તેણી કરતી હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદીના પિતા હૈયાત હતા ત્યારે તેઓ ફરીયાદી સાથે રહેલ તેમના સંયુકત ખાતાનો વહીવટ ફરીયાદીના પિતા જ કરતા હતા તેવું આરોપીપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં પડેલ પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે આરોપીએ તકરાર લીધેલ છે કે, ગણેશ સેલ્સ પેઢીને આરોપી તરીકે દર્શાવેલ નથી. જેથી ફરીયાદીની ફરીયાદ ટકવા પાત્ર નથી તે સંદર્ભમાં પડેલ પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે ફરીયાદીએ ગણેશ સેલ્સ પેઢીને આરોપી તરીકે દર્શાવેલ નથી પરંતુ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદીએ તેમના પિતાના કહેવાથી આરોપીને ધંધાના વિકાસ માટે આરોપીની પેઢીના એકાઉન્ટમાં રૂ.૩,૩૦,૦૦૦/- આપેલ હોવાનુ જણાવેલ છે, આમ પડેલ પુરાવાથી ફરીયાદીએ આરોપીને તેની વ્યકતીગત કેપેસીટીમાં તેમની પેઢીના એકાઉન્ટમાં પૈસા આપેલ હોવાનુ ફલીત થાય છે અને આરોપીની પેઢી સાથે કોઇ વ્યવહાર કરેલ હોય તેવું ફરીયાદીનું કથન નથી. તેવા સંજોગોમાં આરોપીપક્ષની આ તકરાર પણ ટકવા લાયક જણાતી નથી.

૧૫. આ કામે પડેલ પુરાવાની વધુંમાં ચર્ચા કરીએ તો, આરોપીના વકીલશ્રી દવારા પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદી અને

આરોપી વચ્ચે કાયદેસરનો લેતી દેતીનો વ્યવહાર થયેલ નથી. સવાલવાળો ચેક આરોપીએ ફરીયાદીના પિતા સાથે થયેલ નાણાકીય વ્યવહાર દરમીયાન માત્ર સીકયોરીટીના ભાગરૂપે આપેલ હતો અને ફરીયાદીએ જણાવેલ ખાતું ફરીયાદી તથા તેમના પિતાના નામે આવેલ હતું અને ફરીયાદીના પિતા સાથે થયેલ નાણાકીય વ્યવહાર અન્વયે ફરીયાદીના પિતાને કટકે કટકે રોકડેથી ચુકવી આપેલ હતા. આ સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદીના પિતા અને આરોપી વચ્ચે મીત્રતાના સબંધો હતા તે હકીકત રેકર્ડ પર આવેલ છે. પરંતુ ફરીયાદીના પિતા સાથે નાણાકીય વ્યવહાર થયેલ હતો અને તે વ્યવહાર સબંધે આરોપીએ કટકે કટકે રોકડેથી ચુકવી આપેલ હતા તે દર્શાવવા આરોપીપક્ષે એવો કોઇ પુરાવો રજુ રાખેલ નથી જેથી પુરવાર થાય કે આરોપીએ ફરીયાદીના પિતાને સવાલવાળા ચેક મુજબનો વ્યવહાર કરેલ હતો અને તે અન્વયે રોકડેથી કટકે કટકે પૈસા ચુકવી આપેલ હતા, વધુમાં આરોપીના જણાવ્યા મુજબ સવાલવાળો ચેક આરોપીના પિતાને સીકયુરીટી પેટે આપેલ હતો તે સંદર્ભમાં ફરીયાદીએ પોતાના ઉલટતપાસના પુરાવામાં ચેક આરોપીએ તેઓના પિતાને આપેલ હોવાની હકીકતનો તેમજ આરોપીએ તેમના પિતાની હૈયાતીમાં પૈસા આપી દીધેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં આરોપીના જણાવ્યા મુજબ ફરીયાદીના પિતાને સીકયુરીટી પેટે ચેક આપેલ હતો તે સવાલવાળો ચેક ફરીયાદીના પિતાના અવસાન બાદ પરત મેળવવા માટે આરોપીએ કોઇ કાર્યવાહી કરેલ હોય કે ફરીયાદીને નોટીસ આપેલ હોય તેવું રેકર્ડ પરના પુરાવાથી જણાતું નથી કે આરોપીએ સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોય તેવું રેકર્ડ પરના પુરાવાથી ફલીત થતું નથી.

૧૬. વીશેષમાં ચર્ચા કરીએ તો આરોપીના વકીલશ્રી દવારા પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદીના પિતાનું તા.૦૧/૦૫/૨૧ ના રોજ અવસાન થતા તેઓના કબ્જાવાળો ચેક ફરીયાદીને મળિ આવતા ફરીયાદીએ તહોમતદાર પાસેથી ગેરકાયદેસર રીતે વધારે રૂપીયા

પડાવવા માટે ઘરે આવીને બીજા ત્રણ ચેક તેઓના પત્ની હેતલબેન તથા તેઓના સ્વતંત્ર પેઢીના નામના સહી કરાવી લઇ ગયેલ હતા. જે અંગે ફો.કે.નં.૭૫૩/૨૦૨૩ થી ફોજદારી કેસ પેન્ડીંગ છે. જે લેતી દેતી પુર્ણ થઇ ગયેલાનું ફરીયાદી જાણે છે. આ સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને લેતા ફરીયાદી સામે આરોપીએ પોલીસમાં ફરીયાદ કરેલ હોવાનું ફરીયાદીએ સ્વીકારેલ છે. વધુમાં ફરીયાદીના માતાશ્રીએ આરોપીના પત્નીને પૈસા આપેલ હોવાનું પણ ફરીયાદીએ સ્વીકારેલ છે. જયારે તેઓના માતાશ્રીએ તેમના પિતાજીની હૈયાતીમાં પૈસા આપેલ કે કેમ તે અંગે ખબર ન હોવાનું સ્વીકારેલ છે. આમ, આરોપીના પત્નીને ફરીયાદીની માતા સાથે નાણાકીય વ્યવહાર થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. ત્યારે આ સંદર્ભમાં ફરીયાદીના વકીલશ્રી દવારા પોતાની દલીલમાં જણાવેલ છે કે, આરોપીએ આંક–૪૯ થી ફરીયાદીના માતા ભાનુબેને આરોપીના પત્ની હેતલબેન સામે કરેલ ફરીયાદમાં આરોપી હેતલબેનનાઓએ ફરીયાદીને ચેકની રકમ આપી સમાધાન કરેલ છે. તેમ જણાવી ફો.કે.નં.૧૯૪/૨૦૨૨ ના કામે આંક–૦૧ હેઠળ થયેલ હુકમ રજુ રાખેલ છે. આમ ફરીયાદી તરફે રજુ રાખેલ ફો.કે.નં.૧૯૪/૨૦૨૨ ના કામે આંક–૦૧ હેઠળ થયેલ હુકમ ઘ્યાને લેતા સદર કેસ સમાધાનથી ફેસલ થયેલ હોવાનું ફલીત થતું હોય તેવા સંજોગોમાં આરોપીના જણાવ્યા મુજબ ફરીયાદીએ તહોમતદાર પાસેથી ગેરકાયદેસર રીતે વધારાના ચેક સહી કરાવી લીધેલ હતા તે માની શકાય તેમ નથી અને સવાલવાળો ચેક મળિ આવતા તેના આધારે બીજા ચેકો ફરીયાદીએ મેળવેલ હોય તેવુ પણ માનવા લાયક જણાતુ નથી અને એવા આરોપીના જણાવ્યા મુજબના વધારાના ચેકો બાબતે ફરીયાદીએ હાલની ફરીયાદ સીવાય અન્ય કોઇ ફરીયાદ કરેલ હોય તેવું આરોપીપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી આરોપીપક્ષની આ દલીલ પણ માની શકાય તેમ નથી.

૧૭. વધુમાં આરોપીપક્ષે સી.આર.પી.સી. કલમ–૩૧૩ અન્વયે લેવાયેલ વિશેષ નિવેદનમાં તેમજ પોતાની દલીલમાં ફરીયાદી દવારા

આરોપીના જામજોધપુર મુકામેના રહેઠાણ કે પેઢીના સરનામા ઉપર નોટીસ મોકલેલ નથી તેવી તકરાર લીધેલ છે. ત્યારે આ સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા આંક–૧૯ થી રજુ થયેલ કવર ધ્યાને લેતા તેમાં તા.૨૦/૦૧/૨૨ ના રોજ ડોરલોકના શેરા સાથે ત્યારબાદ તા.૨૨/૦૧/૨૨ ના રોજ ''લેફ્ટ'' ના શેરા સાથે પરત ફરેલ હોવાનું ફલીત થાય છે આમ, આંક–૧૭ થી રજુ નોટીસ તા.૨૦/૦૧/૨૨ ના રોજ **''ડોરલોક''** ત્યારબાદ તા.૨૧/૦૧/૨૨ **''લેફ્ટ''** ના શેરા સાથે પરત ફરેલ હોવાનું ફલીત થાય છે. તેમજ ફરીયાદીએ પણ પોતાના પુરાવામાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે આરોપીનો સંપર્ક ન થતા આરોપીને વકીલ મારફત લીગલ નોટીસ મોકલેલ જે આરોપીને વગર બજયે પરત આવેલી. આમ, ફરીયાદમાં જણાવ્યા મુજબના સરનામે આરોપીને ડીમાન્ડ નોટીસ બજેલ નથી. તે હકીકત નિર્વીવાદ છે. પરંતુ નોટીસ તથા ફરીયાદમાં જણાવ્યા મુજબના સરનામે આરોપી કયારેય રહેતા ન હતા કે તેઓનું રજીસ્ટર સરનામું ન હતુ તેવી આરોપીપક્ષે તકરાર લેવામાં આવેલ નથી. વધુમાં આંક–૧૯ થી રજુ કવર પરત ફરતા ફરીયાદીએ તા.૧૭/૦૧/૨૨ ની ડીમાન્ડ નોટીસ તા.૨૫/૦૧/૧૭ ના સાંજ સમાચાર રાજકોટ વર્તમાનપત્રમાં તેમના વકીલશ્રી મારફત જાહેર પ્રસીધ્ધી કરાવેલ હોવાનું આંક–૨૦ થી રજુ વર્તમાનપત્ર તથા આંક–૨૧ થી રજુ રીસીપ્ટ ધ્યાને લેતા ફલીત થાય છે. ત્યારે આ તબકકે **C.C.Alavi Haji Vs Palapetty Muhammed** & **Anr**. 2007(5) **Laws** (**SC**) 100 માં નામદાર સુપ્રીમ કોર્ટ દવારા પારા–૧૫માં નીચે મુજબ અવલોકન કરેલ છે. જે અહી ધ્યાને લેવું આવશ્યક જણાય છે. 15. Insofar as the question of disclosure of necessary particulars with regard to the issue of notice in terms of proviso (b) of Section 138 of the Act, in order to enable the Court to draw presumption or inference either under Section 27 of the G.C. Act or Section 114 of the Evidence Act, is concerned, there is no material

difference between the two provisions. In our opinion, therefore, when the notice is sent by registered post by correctly addressing the drawer of the cheque, the mandatory requirement of issue of notice in terms of Clause (b) of proviso to Section 138 of the Act stands complied with. It is needless to emphasise that the complaint must contain basic facts regarding the mode and manner of the issuance of notice to the drawer of the cheque. It is well settled that at the time of taking cognizance of the complaint under Section 138 of the Act, the Court is required to be prima facie satisfied that a case under the said Section is made out and the aforenoted mandatory statutory procedural requirements have been complied with. It is then for the drawer to rebut the presumption about the service of notice and show that he had no knowledge that the notice was brought to his address or that the address mentioned on the cover was incorrect or that the letter was never tendered or that the report of the postman was incorrect. In our opinion, this interpretation of the provision would effectuate the object and purpose for which proviso to Section 138 was enacted, namely, to avoid unnecessary hardship to an honest drawer of a cheque and to provide him an opportunity to make amends. આમ, આરોપીના જણાવ્યા મુજબ તેઓના જામજોધપુર મુકામેના રહેઠાણ કે પેઢીના સરનામા ઉપર ફરીયાદીએ નોટીસ મોકલેલ નથી. તે હકીકત રેકર્ડ પર આવેલ છે પરંતુ ફરીયાદીએ મોકલેલ ડીમાન્ડ નોટીસ આરોપીનું રજીસ્ટર સરનામું ન હતું તેવું આરોપીપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી, વધુમાં ફરીયાદી દવારા આ કામે જાહેર નોટીસ ઇશ્યુ કરેલ હોય ત્યારે જનરલ કલોઝીઝ એકટની કલમ-૨૭ તથા ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૧૪ તથા ઉપરોકત ચુકાદાનો હાર્દ ધ્યાને લેતા આરોપીને ડીમાન્ડ નોટીસ બજેલ નથી તેવી લીધેલ તકરાર માની

શકાય તેમ નથી.

૧૮. વધુમાં આ કામે આરોપીપક્ષે તકરાર લીધેલ છે કે, ફરીયાદીએ જાહેર નોટીસ પેપરમાં પ્રસીધ્ધ કરાવવા અંગે નામ. કોર્ટનો હુકમ મેળવેલ નથી. તે સંદર્ભમાં કાનુની પરીસ્થીતી ધ્યાને લેતા ડીમાન્ડ નોટીસ ફરીયાદ પહેલાનું પગલું હોય તેવા સંજોગોમાં જાહેર નોટીસ પ્રસીધ્ધ થતા પહેલા કોર્ટના હુકમની આવશ્યકતા રહેતી નથી. જેથી આરોપીની આ દલીલ પણ માનવા લાયક જણાતી નથી. વધુમાં આરોપી દવારા પોતાની દલીલમાં જણાવેલ છે કે, પરત થયેલ કવર ફરીયાદી દવારા નામ. કોર્ટમાં ઓપન કરવા તસ્દી લેવામાં આવેલ નથી જેથી બંધ કવરમાં યોગ્ય નોટીસ હોવાનુ માત્ર અનુમાનના આધારે માની શકાય નહીં. તે સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા આંક-૨૦ થી રજુ ડીમાન્ડ નોટીસનું કવર બંધ હાલતમાં રજુ રાખેલ છે પરંતુ સાથે સાથે આંક-૧૭ થી નોટીસની ઓફીસ કોપી પણ ફરીયાદી દવારા રજુ રાખેલ છે. જેથી બંધ કવરમાં યોગ્ય ડીમાન્ડ નોટીસ હોવાનું ન માનવાને કોઇ કારણ નથી. આમ, ઉપર કરેલ તમામ ચર્ચા મુજબ રેકર્ડ પરના પડેલ પુરાવાથી ફરીયાદીના સંયુકત ખાતામાંથી આરોપીને તેઓની ગણેશ સેલ્સના ખાતામાં ફરીયાદીએ તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ રૂ.૩,૩૦,૦૦૦/- ચેકથી ટ્રાન્સફર કરેલ છે જે હકીકત બિનતકરારી રહેલ છે. અને સદર ફરીયાદીના કાયદેસરના લેણા પેટે આરોપીએ સવાલવાળો ચેક ઇશ્યુ કરેલ છે તે હકીકત રેકર્ડ પરના પુરાવાથી ફરીયાદપક્ષે શંકારહીત પુરવાર કરેલ છે તેવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે. જયારે સવાલવાળા ચેકનો વ્યવહાર ફરીયાદીના પિતા સાથે થયેલો હતો અને સદર વ્યવહારના સીકયુરીટી પેટે હાલનો સવાલવાળો ચેક ઇશ્યુ કરવામાં આવેલ હતો તે હકીકત તથા સવાલવાળા ચેક મુજબની રકમ ફરીયાદીના પિતાને ચુકવી આપેલ છે. તેમ છતાં ફરીયાદીના પિતાના મરણ બાદ ફરીયાદીએ સીકયુરીટી પેટે આપેલ ચેકનો મીસયુઝ કરેલ છે તેવું આરોપીપક્ષ સંભવીત પુરાવાથી રેકર્ડ પર લાવી

શકેલ નથી. તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે.

૧૯. વધુમાં આરોપી પક્ષે તકરાર લીધેલ છે કે, સવાલ વાળા ચેકમાં નામ અને વિગત જુદા–જુદા અક્ષરોમાં ભરાયેલ છે. જેથી પુરવાર થાય છે કે સવાલ વાળો ચેક સીક્યુરીટી પેટે આપેલ હતો, ત્યારે આ સંદર્ભમાં **નામ. સુપ્રિમ કોર્ટ ના બીરસિંગ વી. મુકેશકુમાર ૨૦૧૯, ૪ એસ.એસ.સી ૧૯૭** ના ચુકાદામાં પારા–૪૦ માં ઠરાવેલ છે કે 40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt. આમ, આ ચુકાદામાં નામ. ઉચ્ચતમ અદાલત દવારા કરવામાં આવેલ અવલોકન તથા હાથ પરના કેસની હકીકત ધ્યાને લેતાં, આ કામના આરોપી પાસેથી ધમકીથી કે દબાણથી ઈન્ફ્લુઅન્સથી ફરીયાદીએ ચેક મેળવેલ હતો તેવી કોઇ તકરાર નથી વધુમાં ઉપરોકત ચુકાદો ધ્યાને લેતાં ચેકના ધારણ કર્તા દવારા ચેકની બાકીની વિંગતો પોતાના દવારા ભરવામા આવેલ તેટલા માત્રથી ચેક કાયદેસરની જવાબદારી પેટે આપેલ ન હતો તેવુ આરોપીની તરફેણમાં અનુમાન થઇ શકે નહી. જેથી આરોપીના વકીલ શ્રીની આ તકરાર માનવા લાયક જણાતી નથી.

૨૦. વધુમાં આ તબ્બકે **ઉત્તમરામ વિરુધ્ધ દેવેન્દ્રસીંગ હુડાન ક્રિમીનલ અપીલ નં.૧૫૪૫/૧૯** માં નામ.સુપ્રીમ કોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જયારે આરોપીએ ચેક ઈસ્યુ કરેલ છે અને જે બેંકમાં રજુ કરતાં રીર્ટન થયેલ છે તેવી હકીકતો ફરિયાદીએ પુરવાર કરેલ હોય ત્યારે નેગોશીયેબલ ઈન્સ્ટ્ર.એકટની કલમ–૧૧૮, ૧૩૯ મુજબ

કન્સીડરેશનનું અનુમાન ફરિયાદીની તરફેણમાં ઉપસ્થિત થાય છે અને આ અનુમાનનું ખંડન કરતો પુરાવો આરોપીએ રજુ કરવાનો રહે છે. કાયદેસરના દેવા કે જવાબદારી પેટે ચેક ઈસ્યુ કરેલ નથી તેવો રીબર્ટેબલ પુરાવો રજુ કરવાનો બોજો આરોપી ઉપર રહેલ છે. વધુમાં <u>**રંગપ્પા વિ.શ્રીમોહન એ.આઈ.આર (એસ.સી.ડબલ્યુ) ૨૦૧૦**</u> માં નામ. ઉચ્ચતમ અદાલત દવારા ઠરાવેલ છે કે , આરોપીના ખાતાનો ચેક હોય અને આરોપીએ ચેક ઉપરની સહી કબુલ રાખેલ હોય ત્યારે નેગો.ઈ.એકટની કલમ–૧૩૯ મુજબ આરોપીએ કાયદેસરના દેવા અને જવાબદારી પેટે ચેક આપેલો છે તેવુ પ્રથમદર્શનીય અનુમાન ફરીયાદીની તરફેણમાં કોર્ટે કરવાનુ રહે છે. વધુમાં ઠરાવેલ છે કે આ પ્રિઝમ્શન મેન્ડેટરી પ્રિઝમ્શન છે જનરલ પ્રિઝમ્શન નથી પરંતુ આરોપી આવા અનુમાનનુ ખંડન કરતો પુરાવો આપવા હકકદાર છે.હાલના કેસમાં જોવામાં આવે તો ફરીયાદવાળા ચેકમાં આરોપીની સહી રહેલ નથી તેવી આરોપીપક્ષે તકરાર લીધેલ નથી. તેમજ ફરીયાદવાળો ચેક બેંકમાં રજુ કરતા ચેક રીટર્ન થયેલ છે તેવી હકીકતો પુરવાર થયેલ છે જેથી નેગો.ઈ.એકટની કલમ–૧૩૯ મુજબ આરોપીએ કાયદેસરના દેવા અને જવાબદારી પેટે ચેક આપેલો છે તેવુ અનુમાન ફરીયાદીની તરફેણમાં ઉપસ્થિત થાય છે અને ઉપર કરેલ વિસ્તૃત ચર્ચા મુજબ આરોપીપક્ષે આ અનુમાનનુ ખંડન કરતો રીબર્ટેબલ પુરાવો ફરીયાદીની ઉલટ તપાસ થકી તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા થકી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી આમ બચાવપક્ષ “પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી” થકી “પ્રોબેબલ ડીફેન્સ” રજુ કરવામાં નિષ્ફળ નિવડેલ છે.જેથી ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ લીગલ રેશીયો આરોપી

પક્ષને મદદરૂપ બનતો નથી.

૨૧. આમ હાલની ફરીયાદ અન્વયે આરોપીપક્ષ ધ્વારા ફરીયાદમાં જણાવેલ વ્યવહાર પેટે ફરીયાદવાળો ચેક આપેલો નથી તેવો આરોપીનો બચાવ સચોટ અને વિશ્વસનીય અને માનવા લાયક જણાતો નથી જેથી નેગો.ઈ.એકટની કલમ–૧૩૯ ના અનુમાનનુ ખં ડન કરતો પુરાવો આરોપીપક્ષ રેકર્ડ પર લાવવામાં નીષ્ફળ નીવડેલ હોય તેવા સંજોગોમા ઉપરોક્ત તમામ ચર્ચાના અંતે **મુદ્દા નં.૧** નો જવાબ ''**હકારમાં**'' માં આપી **મુદ્દા નં.ર** પરત્વે છેવટનો **આખરી હુકમ** નીચે મુજબ કરવામાં આવે છે.

– હુકમ –

(૧) આ કામના આરોપી **ગણેશ સેલ્સના પ્રોપરાઈટર શ્રી પંકજકુમાર કાંતીલાલ મેસવાણીયા,** ઉ.વ–૪૭, ધંધો.–વેપાર, રે.જામજોધપુર હાલ રહે. લાલપુર, મોદી શેરી, રામ મંદીર પાસે, જી. જામનગર વાળા નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૨) બી.એન.એસ. એસ.ની કલમ–૨૭૮(૨) અન્વયે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આ કામે આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય સજા સંબધે સાંભળવા માટે રાખવામાં આવે છે.

હુકમ આજ તારીખ:૦૧ લી, માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : જામજોધપુર

તારીખ :૦૧/૦૬/૨૦૨૬.

(એન. આર. ગોહેલ)
જયુડી.મેજી.ફ.ક., જામજોધપુર

જે.એમ.એફ.સી.જામજોધપુર

(Judge code No.GJ01584)

સજા અંગે સાંભળ્યા :

૨૨. આજરોજ ફરીયાદી તરફે તેમના વિ.વશ્રી એન.એચ.લાલાણી હાજર છે. આરોપી હાજર છે. તથા આરોપી તરફે વકીલશ્રી સી.એસ.ગોસ્વામી હાજર છે તેઓએ સજા અંગે એવી દલીલ કરેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે આરોપી ગરીબ માણસ છે. કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે તેમજ બાળ બચ્ચાવાળા માણસ છે આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. તેમનો પુત્ર હાલ કેન્સરની સારવાર લઇ રહેલ છે. જેથી આરોપી પર રહેમ દયા રાખી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

આ કામે ફરીયાદીના વિ.વ.શ્રી એન.એચ લાલાણી તેમની દલીલમાં જણાવે છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરેલ છે. આરોપી સામે અગાઉ પણ આવા ગુના નોંધાયેલ છે. આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ અન્વયે ગંભીર ગુનો કરેલ હોય, હાલમાં આવા ગુન્હાઓ વધવા પામેલ છે ફરીયાદીની કાયદેસરની લેણી રકમ રોકાયેલ છે જેથી કાયદામાં દર્શાવેલ મહતમ સજા કરી તેમ જ બમણો દંડ કરવા અરજ કરેલ છે. આ કામે આરોપીને સજા બાબતે ફરીયાદી તેમજ આરોપીના વકીલશ્રીની સજા અંગેની દલીલો સાંભળી.

૨૩ . હાલનો આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે ની:શંક પણે પુરવાર કરેલ છે ફરીયાદી અને હાલના આરોપી વચ્ચે આર્થીક વ્યવહાર થયેલ છે અને ફરીયાદવાળો વ્યવહાર ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે ત્યારે નામ ઉચ્ચતમ ન્યાયાલય દવારા વિવિધ ચુકાદાઓમાં જયારે આર્થીક વ્યવહાર થયેલ હોય ત્યારે ફરીયાદીને યોગ્ય વળતરના હુકમો કરવા માટે ગાઈડલાઈન્સ આપવામાં આવેલ છે આ કામે ફરીયાદી તથા આરોપી વચ્ચે આર્થીક વ્યવહાર થયેલ છે જેથી ચેકની મુજબની રકમ વળતર તરીકે અપાવવાનો હુકમ કરવામાં આવે

તો ફરીયાદીને થયેલ આર્થીક નુકસાન નીવારી શકાય તેમ છે તેવુ આ કોર્ટનુ માનવુ છે જેથી નેગો ઇન્સટ્રુમેન્ટ એકટ અનવ્યેની સજા અંગેની જોગવાઇ ધ્યાને રાખી તથા હાલના કેસની હકીકત તથા સવાલ વાળા ચેકની રકમ ધ્યાને લેતા તથા બને પક્ષોના વકીલશ્રીની રજુઆતો ધ્યાને લેતા હાલના કામે ન્યાયના વીશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::

(૧) આરોપી **ગણેશ સેલ્સના પ્રોપરાઈટર શ્રી પંકજકુમાર કાંતીલાલ મેસવાણીયા,** ઉ.વ–૪૭, ધંધો.–વેપાર, રે.જામજોધપુર હાલ રહે. લાલપુર, મોદી શેરી, રામ મંદીર પાસે, જી. જામનગર.નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૫૫(૨) નીચે વટાઉખત અધિનિયમ,૧૮૮૧ ની કલમ–૧૩૮ના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **૦૬ (છ) મહિના**ની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭ બી.એન.એસ.એસ.એકટની કલમ–૩૯૫ અનવ્યે ફરીયાદીને ચેકની રકમ **રૂ.૦૩,૩૦,૦૦૦/–(અંકે રુપીયા ત્રણ લાખ ત્રીસ હજાર પુરા)** વળતર પેટે **દીન–૬૦** માં ચુકવી આપવાનો આરોપીને આથી હુકમ કરવામાં આવે છે, વધુમાં જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ **(૦૧) એક માસની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આરોપીએ ટ્રાયલ દરમીયાન ધી નેગોશીયેબલ એકટની કલમ–૧૪૩(એ) અનવ્યે વચગાળાના વળતરની રકમ ચુકવેલ હોય તો તે રકમ મજરે મળવાપાત્ર રહેશે.

(૩) સી.આર.પી.સી. ની કલમ–૩૬૩(૧) તથા બી.એસ.એસ.એસ.ની કલમ–૪૦૪(૧) મુજબ ચુકાદાની એક નકલ આરોપીને તરતજ વિના મુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

(૪) આ કામના આરોપીએ હાલના કેસના કામે જો કોઇ જેલ કસ્ટડી

ભોગવેલ હોય તો તે દીવસો સી.આર.પી.સી.કલમ. ૪૨૮ તથા બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ અનવ્યે મજરે આપવા.

(૫) આરોપીના જામીન તથા જાત મુચરકા આથી રદ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૦૧ લી, માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : જામજોધપુર

તારીખ : ૦૧/૦૬/૨૦૨૬

(એન. આર. ગોહેલ)
જયુડી.મેજી.ફ.ક., જામજોધપુર
(Judge code No.GJ01584)

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો